ગાંધીનગર સમાચાર

**આજોલ પાસે ભંગાર વાડામાંથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો**

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબે કહ્યું કે સોશ્યલ મીડીયાનો ઉપયોગ કરો એ બરાબર... પણ તારે વોટ્સ એપ ફેઈસ બુક એકાઉન્ટ ખોલાવવા મારી પાસે નહીં આવવાનું...

## પાટીદારોને ધરણા માટે મંજુરી આપવાનો ઈન્કાર

અમદાવાદ,તા. ૨૦

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અને ટ્રાફિકના મુદ્દાને ધ્યાનમાં લઈને રાણીપ પોલીસે પાટીદાર અનામત આંદોલન સમિતિને ગાંધી આશ્રમની બહાર ધરણા યોજવા મંજુરી ન આપતા પાટીદારોની યોજના ઉપર પાણી ફરી વળ્યું છે. ૨૧મી ડિસેમ્બર અને ૨૪મી જાન્યુઆરી વચ્ચેના ગાળામાં નિયમિતરીતે ગાંધી આશ્રમની બહાર ધરણા યોજવાની તૈયારી અનામત આંદોલન દ્વારા કરવામાં આવી હતી. આ અંગેની મંજુરી ન મળતા પાટીદારો નિરાશ દેખાઈ રહ્યા છે. શાંતિપૂર્ણ રીતે ધરણા કરવાની યોજના હતા.

# સે-૨૮ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં દાયકાઓના અંતે માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે

## શહેરના મુખ્ય ઘ માર્ગનુ કામ ૧૦ દિવસમાં પુર્ણ કરી દેવાશે

ગાંધીનગર તા ૨૦

શહેરમાં રસ્તાઓનુ બાકી કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. શહેરના મુખ્ય ઘ માર્ગનુ કામ ચાલી રહયુ છે. જયારે દાયકાઓના અંતે સે-૨૮ જી આઇ ડી સી વિસ્તારમાં પણ માર્ગોનુ કામ હાથ ધરાશે.શહેરમાં રસ્તાઓના નિર્માણની કામગીરી પાછળ અંદાજીત રૂ ૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગત વાઇબ્રન્ટ સમિટ દરમિયાન શહેરના રસ્તાઓના નવીનીકરણ તેમજ બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે આ દરમિયાન શહેરના મુખ્ય ઘ માર્ગ તેમજ અન્ય માર્ગોની સુધારણાનુ કામ પણ બાકી રહી ગયુ હતુ શહેરના મુખ્ય ઘ માર્ગની હાલત છેલ્લા ઘણાં સમયથી બિસ્મારા હોવાથી વાહન ચાલકોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જો કે ઘ માર્ગની સુધારણાનુ કામ હાથ ધરાતા નાગરિકોએ પણ રાહત અનુભવી છે. આગામી ૧૦ દિવસમાં ઘ માર્ગનુ કામ પુર્ણ કરી દેવાશે.જયારે રોડનં ૬ નુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. ત્યારબાદ રોડનં ૪ બી નુ કામ હાથ ધરાશે. જયારે માર્ગ નવિનીકરણની આ કામગીરી દરમિયાન સે-૨૮ જીઆઇ ડી સી વિસ્તારમાં પણ રસ્તાઓનુ નવિનીકરણ હાથ ધરવામાં આવશે. આ વિસ્તારમાં દાયકાઓના અંતે માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે. જેના અંતે સ્થાનિક વેપારીઓ તેમજ ઉદ્યોગપતિઓને પણ રાહત થશે.

## ખૂણે ખાંચરેથી...

- જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખપદ માટે વિજય મુહૂર્તમાં કોંગ્રેસ દ્વારા ફોર્મ ભરાશે
- ગાંધીનગરમાં ગુજરાત દૈનિક અખબાર સંઘ દ્વારા સાંપ્રત સમસ્યાઓ અને પ્રવાહો અંગે ટાઉનહોલમાં સેમિનાર યોજાશે
- સ્કાઉટગાઈડની શિબિરનો આજે કે-૭ નજીક રાજ્ય શિક્ષણ મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી પ્રારંભ કરાવશે. ત્રિ-દિવસીય શિબિરમાં અન્ય મહાનુભાવો પણ હાજરી આપનાર છે.
- આગામી સપ્તાહમાં ગુણોત્સવને લઈ રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અધિકારીઓની બેઠક લેવાના છે.
- ગાંધીનગર શહેરમાં હવે સ્નેહમિલન સમારોહની મોસમ ધીમીગતિએ જામી રહી છે.

# અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળનું શૈક્ષણિક વહીવટી અધિવેશન આવતીકાલે યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા રાજ્યના ગ્રાન્ટેડ-નોનગ્રાન્ટેડ શાળા સંચાલકોનું શૈક્ષણિક અને વહવટી મહાઅધિવેશન પ્રેક્ષા ભારતી કોબા ગાંધીનગર ખાતે આગામી તા. ૨૨ ડિસેમ્બરના મંગળવારના રોજ યોજાશે. આ અધિવેશનમાં રાજ્યભરના શાળા સંચાલકો તેમજ શૈક્ષણિક તજજ્ઞો અને વહીવટી અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધિવેશનમાં રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ભૂતપૂર્વ શિક્ષણમત્રી નરહરી અમીન, પૂ.શ્રી ધર્મબંધુજી સંયુક્ત શિક્ષણ નિયામક ઈ.વી. દેસાઈ, શિક્ષણ બોર્ડના નાયબ અધ્યક્ષ આર. આર. ઠક્કર હાજર રહી શૈક્ષણિક અને વહીવટી માર્ગદર્શન આપશે. જેમાં સરકાર દ્વારા રોજબરોજ અવનવા નિર્ણયો કરી નીતિ ઘડવામાં આવે છે અને સરકારી અંકુશ વધતો જાય છે. ત્યારે ટ્રસ્ટ દ્વારા સંચાલીત શાળાઓના અસ્તિત્વ સામે જોખમ અને પડકારો ઉભા કરવામાં આવી રહ્યા છે. જેમકે આચાર્યો-શિક્ષકોની ભરતી કરવાનો ટ્રસ્ટનો અધિકાર છીનવી લીધો, ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામ પર ગ્રાન્ટકાપ નિતી, નિભાવ ગ્રાન્ટમાં ઉત્તરોત્તર ઘટાડો થઈ રહ્યો છે. મળતી ગ્રાન્ટમાંથી શાળાનું વિજળી બીલ પણ ભરી શકાતુ નથી. ૨૦૦૧ થી શાળાઓમાં ક્લાર્ક, પટાવાળા, ગ્રંથપાલ, ઉદ્યોગ શિક્ષકની ભરતી ૨ પ્રતિબંધ છે, મહેકમ સ્ટાફ ઘટતા વહીવટી કામ પર અસર થાય છે. ત્યારે શાળા મંડળોએ લાખો કરોડોના આર્થિક યોગદાનથી મકાનો અને ભૌતિક સુવિધાઓ ઉભી કરી સંસ્થાઓ શરૂ કરી છે. તેની જાળવણી કરવી મુશ્કેલ બની છે. ત્યારે શાળા સંચાલકોની જાગૃતિ માટે અને સંગઠન તથા શાળાઓનું અસ્તિત્વ ટકાવી રાખવા અધિવેશન મળવાનું છે. આ અધિવેશનમાં મહામંડળના રાજ્યભરમાંથી ૪ હજાર સભ્યો તેમજ ૫ હજારથી વધુ શાળા સંચાલકો ઉપસ્થિત રહેશે. આ અધિવેશનને સફળ બનાવવા માટે મંડળના અધ્યક્ષ એ.જે. પટેલ, પ્રમુખ નારાયણભાઈ પટેલ, મહામંત્રી માણેકભાઈ પટેલ, મંત્રી ડૉ. પ્રિયવરમ કારોટ સહિત અન્ય સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.



ગાંધીનગર શહેરના જાણીતા ગુજરાતી ફિલ્મના ડાયરેક્ટર જગદીશ સોની તન્વી ગ્રેવીશા પિક્ચર્સના બેનર હેઠળ આગામી સમયમાં "ટુ ટાઈપ ઓફ લવ" સોશ્યલ કોમેડી એક્શન ફિલ્મ બનાવી રહ્યા છે. જેને પગલે શહેરના સેક્ટર-૨૨ સ્થિત કૈલાસસાગર કોમ્પ્લેક્ષ ખાતે ઓડીશન રાખવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી પિક્ચરમાં અભિનયના ઓજસ પાથરવા મોટી સંખ્યામાં યુવક-યુવતિઓ નસીબ અજમાવવા આવ્યા હતા.




ઈમેજીન એકટીવીટ સેન્ટરમાં મધર એન્ડ ચાઈલ્ડ વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપ ગાંધીનગરમાં સૌ પ્રથમવાર યોજાયો હતો. જેમાં દોઢથી સાડા ત્રણ વર્ષના બાળકોએ તેમની માતાઓ સાથે ભાગ લીધો હતો. સંગીત, ડાન્સ, આર્ટ, પેઈન્ટીંગ દ્વારા બાળકોનો શારિરીક અને માનસિક વિકાસ વધારી શકાય તેવી વિવિધ રમતોથી ક્રીએટીવીટી વધારી બાળકોનો ટીવી અને મોબાઈલ ટાઈમ કેવી રીતે ઘટાડવો તે આ વર્કશોપમાં સમજાવાયું હતું. આજના જમાનામાં માતા બાળકની પ્રથમ શિક્ષક જ નહી પણ મિત્ર પણ છે. રોજીંદા જીવનમાં ઘરવખરીની વસ્તુઓથી જ બાળકોને સ્કુલનું શિક્ષણ આપી શકાય છે અને રમતાં રમતાં સારી આદતો કેળવી શકાય છે. આ વર્કશોપના બીજા ભાગનું આયોજન જાન્યુઆરીમાં કરાશે.

## ગાંધીનગર જિલ્લા અનુસૂચિત જાતિ પ્રાથમિક શિક્ષકોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે આજરોજ ગાંધીનગર જિલ્લા અનુસૂચિતજાતિ પ્રાથમિક શિક્ષક-શિક્ષિકાઓની આજે એક શિબિર સંત રોહિદાસ મંદિરના હોલમાં યોજાઈ હતી. ગુણવત્તાસભર શિક્ષણ તેમજ શિક્ષણક્ષેત્રે આવી રહેલા પગલાઓને લઈ ચિંતન કરાયું હતું. શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર સંજયભાઈ પરમાર સહિત વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ મેળવનાર સમાજના અગ્રણીઓનું સન્માન કરાયું હતું.



ગાંધીનગરના સે-૧૫માં એલડીઆરપી કોલેજ ખાતે ઘુવડ પરિવારે માળો બનાવ્યો છે. આ માળામાંથી એક બચ્ચું નીચે પડી જતા તુરંત જ પર્યાવરણ પ્રેમી યુવાન તિર્થરાજસિંહ જાડેજા તથા પંકજભાઈને ફોન કરવામાં આવ્યો હતો. બંનેએ આ બચ્ચાને બચાવી જરૂરી સારવાર આપી તેના માતા પિતા પાસે છોડી દીધું હતું. હવે ઉત્તરાયણ નજીક આવતા જ પક્ષીઓ ઘાયલ થવાના કિસ્સામાં ધીમી ગતિએ વધારો થઈ રહ્યો છે.

# દહેગામના પહાડિયા વેલપુરા ખાતે મહિલા કિસાન સંમેલન

ગાંધીનગર, તા. ૨૦

રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ દહેગામ તાલુકા ગ્રામ સ્વરાજ કેન્દ્ર દ્વારા પહાડિયા વેલપુરા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પૂણ્યતિથિ પ્રસંગે યોજાયેલ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, વિનોભા ભાવેના વિશાળ પ્રદર્શનનું અને મહિલા કિસાન સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યા બાદ જણાવ્યું હતું કે, ગાંધીજીના ગ્રામોઉત્થાનના આદર્શોને અનુસરીને ગામડાઓ સ્વાવલંબી બને તેવી પ્રવૃત્તિઓ સહરાનીય છે. લોક સંગઠનના ગુણો સરદાર વલ્લભભાઈ પટેલ પાસે હતા. તેમણે કિસાન આંદોલનની નવી તાકાત ઉભી કરી હતી. ખેડૂતોને સંગઠિત કરવાનું મહાન કાર્ય કર્યું હતું. તેનો ઉલ્લેખ કરીને રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે, દહેગામ તાલુકા ગ્રામ સ્વરાજ કેન્દ્ર દ્વારા ૮૦ જેટલા ગામોમાં સ્વાવલંબન, શિક્ષણ, સ્ત્રીશક્તિ જાગરણ અને ગૌ રક્ષા જેવા કાર્યો કરે છે. તે સહરાનીય અને અભિનંદનને પાત્ર છે.



આ પ્રસંગે સંસ્થાના સંચાલક શ્રી વિનુભાઈ અમીને સ્વાગત પ્રવચન કર્યું હતું. સંસ્થા પ્રમુખ શ્રી જાબાલભાઈ લશ્કરી, અગ્રણી શ્રી સંવેલાલભાઈ, પિયુષભાઈ દવે, સંસ્થાના ટ્રસ્ટી ઉષાબેને પ્રાસંગિક પ્રવનો કર્યા હતા. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ગ્રામીણ મહિલાઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં મધ્યાહન ભોજન કર્મચારીઓની સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની સભા યોજાઈ હતી. વર્ષો જુની પોતાની માંગણીઓનો ઉકેલ નહી આવતા કર્મચારી ઉગ્ર આંદોલનના મુડમાં જણાયા હતા. સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરમાંથી હજ્જારો કર્મચારીઓ હાજર રહ્યા હતા. પાંચ સભ્યોની કમિટીએ રાજ્યના મુખ્યમંત્રીના કાર્યાલયે જઈ આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં પોતાના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા જણાવાયું છે. તેમજ આગામી તા. ૪ જાન્યુઆરીના રોજ દિલ્હી ખાતે જંતર-મંતર ખાતે હજ્જારો કર્મચારીઓ એકઠા થઈ કેન્દ્ર સરકારમાં પોતાના પડતર પ્રશ્નોની રજુઆત કરવાના છે. અને જો યોગ્ય નિર્ણય નહી આવે તો આત્મવિલોપન કરવાની ચિમકી પણ કર્મચારીઓએ ઉચ્ચારી છે.

ગાંધીનગર શહેર સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે બપોરના સુમારે ગુજરાત રાજ્ય મધ્યાહમ ભોજન યોજના કર્મચારી મહામંડળ ગાંધીનગર દ્વારા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોતાના વર્ષો જુના પડતર પ્રશ્નોનું નિરાકરણ આવ્યુ નથી. જેમાં પગાર વધારો, એનજીઓ રદ કરવા અને જિલ્લાઓમાં એનજીઓ દાખલ નહી કરવા તેમજ નિવૃત્તિવય ૫૮ વર્ષને બદલે ૬૦ વર્ષ કરવા, સંચાલકની ભરતીમાં ૧૦૦ ટકા મહિલાઓની ભરતીની જોગવાઈ છે. તે રદ કરીને નિયમ મુજબ ૩૩ ટકા મહિલાઓની ભરતી કરવી, ગેસના બાટલા જરૂરીયાત મુજબ પુરતા પ્રમાણમાં આપવા સહિતના પડતર પ્રશ્નો વર્ષો જુના છે. છતાં પણ સરકાર દ્વારા કોઈ નીરાકરણ લાવવામાં આવ્યું નથી. આ યોજનામાં છેલ્લા ત્રણ ત્રણ દાયકાથી ૬૦ હજારથી વધુ કર્મચારીઓ જેમાં વિધવા, ત્યકતા, નિરાધાર મહિલાઓ માત્ર સામાન્ય વેતનદર ૧૦૦૦માં નિષ્ઠાપૂર્વક સેવા બજાવી રહ્યા છે. ત્યારે આવી કારમી મોંઘવારીમાં સામાન્ય વેતનમાં કુટુંબનું ભરણપોષણ કરવુ અતિ કઠીન બન્યું છે. સરકાર અને તંત્ર સમત્ર અનેકવાર લેખીત-મૌખીક રજુઆતો કરવા છતાં યોગ્ય નિર્ણય નહી આવતા કર્મચારીઓ રોષે ભરાયા છે. આગામી સમયમાં દિલ્હી ખાતે જંતર-મંતર પર કર્મચારીઓ વિશાળ સંખ્યામાં એકઠા થઈ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે અને ભારત સરકારને રજુઆત કરશે. જો યોગ્ય સમયમાં નિર્ણય નહી આવે તો કર્મચારી મંડળના પ્રમુખે આત્મ વિલોપન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

**આ સભામાં રાજ્યભરમાંથી હજ્જારો કર્મચારીઓ હાજર રહ્યા : પડતર માંગણીઓનું સત્વરે નિરાકરણ નહી આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલનની ચીમકી**



## વિશિષ્ટ બાળકોની શાળા "સત્યવતી જયગોપાલ અગ્રવાલ"નું ભૂમિપૂજન યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

મંથન અપંગ કન્યા સેવાસંકુલના રજતજયંતી વર્ષ નિમિત્તે આગામી તા. ૨૫મી ડિસેમ્બરના રોજ સવારે ૯.૦૦ કલાકે 'સત્યવતી જયગોપાલ અગ્રવાલ' નામક વિશિષ્ટ બાળકોની શાળાનું ભૂમિપૂજન સમારોહ યોજાશે. જેમાં સ્કૂલના દાતા શશીબેન તથા ચીમનભાઈ અગ્રવાલના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવશે.

આ પ્રસંગે પોરબંદરના સાંદીપની ગુરૂકુળના અધિષ્ઠાતા રમેશભાઈ ઓઝા આશિર્વચન પાઠવશે. આ ભૂમિપૂજન સમારોહમાં અતિથિ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના અધ્યક્ષ ભાગ્યેશ જહાં, ધ કાલુપુર કોર્મશિયલ કો. ઓ. બેંક લી.ના ચેરમેન નવનીતાઈ પટેલ, મહેસાણાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજા ઉપસ્થિત રહેશે.

# આજોલ પાસે ભંગાર વાડામાંથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં સ્થિત આજોલ પાસે એક ભંગાર વાડામાં માણસા પોલીસે શંકાને આધારે સરપ્રાઈઝ ચેકીંગ કર્યું હતું. ભંગાર વાડામાં તપાસ કરતાં અંદરથી વિદેશી દારૂની ૧૫૫ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂનો જથ્થો તથા રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ. ૮૧,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કરી એક શખ્સની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે.

માણસા પીઆઈ એન.જે. જાડેજા તથા તેમની ટીમે શંકાને આધારે રાત્રે આજોલ નજીક આવેલા મોતીબા રામાજી ચાવડાના ભંગારવાડામાં ચેકીંગ કર્યું હતું. ચેકીંગ દરમિયાન વાડામાંથી પોલીસને ૧૫૫ નંગ વિદેશી દારૂની બોટલનો જથ્થો મળી આવ્યો હતો. માણસા પોલીસે રૂ. ૬૨ હજારની કિંમતનો દારૂ તથા રૂ. ૧૫,૯૫૦ રોકડા અને મોબાઈલ મળી કુલ રૂ. ૮૧,૯૫૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ચાવડા દિલીપ ઉર્ફે સિધ્ધરાજ કરણસિંહ નામના શખ્સની ધરપકડ કરી લીધી છે. આરોપી કયાંથી દારૂ લાવતો હતો અને કેટલા સમયથી દારૂનો ધંધો કરતો હતો ઉપરાંત કયાં કયાં માલ સપ્લાય કરતો હતો તે સહિતની પુછપરછ શરુ કરી છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ચિલોડા વિસ્તારમાં ગરમ વસ્ત્રોની હાટડીઓ મંડાઈ : મોટરસાયકલ, ફેરિયાઓનો ધમધમાટ

પાટનગરના પાદરે ચિલોડા જંકશન મથકની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કોલ્ડવેવનું પ્રમાણ વધતા ઠંડીથી બચવા રહિશો ગરમ વસ્ત્રો અને તાપણીના સહારે ગરમાવો મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જ્યારે મધ્યમવર્ગ લોકો જરૂરિયાતમંદ મુજબ સસ્તા દરે વ્યાજબી ગરમ વસ્ત્રઓ પસંદગી પ્રમાણે સર્કલ પાસે હાટડીઓમાં ખરીદી કરી રહ્યા છે. આ પાથરણાવાળાના સ્ટોલોમાં ઝાકીટ, શાલ, સ્વેટર, મફલર, ટોપી, મોજાં, ગરમ કોટી, સ્કાફ, પટ્ટી વગેરે ખરીદી કરવામાં વ્યસ્ત બન્યા છે. જ્યારે અંતરિયાળ ગામોમાં પરપ્રાંતિય વેપારીઓ મોટરસાયકલ અને સાયકલ પર ધાબળા તથા શાલોનું વેચાણ અર્થે ઘુમી રહ્યા છે. સાંજે મહારાષ્ટ્રીયન લોકો પરત ચિલોડા-હિંમતનગર નજીકની દુકાનોમાં રાત્રી રોકાણ કરી જીવનનિર્વાહ કરી રહ્યા છે. રાત્રે ગ્રામ્ય લોકો તાપણીઓ દ્વારા હૂંફ મેળવી ઠંડીથી બચવા પ્રયાસ કરી રહ્યા છે.